# અધ્યયન નિષ્પત્તિ (પ્રથમ સત્ર)

## ધોરણ : 4 વિષય : પર્યાવરણ

| એકમ | નિષ્પત્તિ ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|---|
| 1.રોજ નિશાળે જઈએ<br>12.બદલાતો સમય | EV407 | ભૂતકાળ અને વર્તમાનકાળની વસ્તુ અને પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત સમજે છે. |
| 2. કાનથી કાન | EV408 | અવલોકનક્ષમ લક્ષણોને આધારે પ્રાણી, પક્ષી, વનસ્પતિ, સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. |
| 2. કાનથી કાન | EV402 | પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતા ઓળખે છે. (જેમકે ચાંચ, દાંત,પંજો, કાન, વાળ, માળો, રહેઠાણ વગેરે) |
| 3. નંદુ સાથે એક દિવસ<br>5. અનીતા અને મધમાખીઓ<br>9. બદલાતા કુટુંબો<br>12. બદલાતો સમય | EV404 | મોટા કે નાના સમૂહમાં રહતા પ્રાણીઓ (જેમકે કીડી, માખી, હાથી વગેરે) અને માળા બાંધતા પક્ષીઓના વર્તનોને તેમજ લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે. |
| 4. અમૃતાની વાર્તા<br>13. નદીની સફર | EV415 | સ્વચ્છતા અંગેના તથા સંશાધનોના કરકસરયુક્ત અને પુનઃઉપયોગ ,પુનઃનિર્માણ અંગેના ઉપાયો સૂચવે છે. વિવિધ સજીવો (જેમકે વનસ્પતિ, પ્રાણીઓ, વડીલો અને દિવ્યાંગ વ્યક્તિઓ ) ની કાળજી લે છે તથા વિવિધ સ્ત્રોતો (જેમકે ખોરાક, પાણી અને જાહેર મિલકતો ) ની જાળવણી કરે છે. |
| 5. અનીતા અને મધમાખીઓ | EV405 | રોજિંદા જીવનમાં ખેતી, બાંધકામ, કલા અને હસ્તઉદ્યોગ વગેરેનું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓ)ની ભૂમિકાઓનું મહત્વ વર્ણવે છે. |
| 6. રિયાની મુસાફરી<br>7. રિયાની ટ્રેન મોડી પડી | EV410 | પોતાના અવલોકનો, અનુભવો,વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃતિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમકે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) ને નોંધે છે તથા પ્રવૃતિઓ અને અસાધારણ ઘટનાની આગાહી કરે છે. |
| 6. રિયાની મુસાફરી<br>7. રિયાની ટ્રેન મોડી પડી<br>8. રિયા પહોંચી મામાને ઘેર | EV412 | સાઈનબોર્ડ, પોસ્ટર, નાણું (નોટ, સિક્કા) રેલ્વે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે. |
| 9. બદલાતા કુટુંબો | EV403 | વિસ્તૃત બનતા કુટુંબના સભ્યો સાથે પોતાના અને સભ્યોના પરસ્પરના સંબંધોને ઓળખે છે |
| 5. અનીતા અને મધમાખીઓ<br>10. કબડ્ડી કબડ્ડી કબડ્ડી | EV414 | જોયેલ અને અનુભવેલ (શાળા / પરિવાર / પડોશની) બાબતો (જેમકે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે) જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ / મધ્યાહ્ન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવો, બાળઅધિકારો (જેમકે શાળાએ જવું. બાહ્ય અપમાન, સજા, બાળમજૂરી વગેરે) અંગે અભિપ્રાય આપે છે. |
| 11. વાડીમાં | EV401 | આસપાસ જોવા મળતી વનસ્પતિનાં મૂળ , ફૂલ અને ફળોનાં સાદાં લક્ષણો ( જેવા કે આકાર , રંગ , સુગંધ તે ક્યાં ઊગે છે તેમજ અન્ય બાબતો વગેરે ) ને ઓળખે છે. |
| 2. કાનથી કાન<br>3. નંદુ સાથે એક દિવસ<br>12. બદલાતો સમય | EV413 | સ્થાનિક અને બિનઉપયોગી વસ્તુઓના ઉપયોગથી કોલાઝ, ડિઝાઇન, મોડેલ્સ, રંગોળી , પોસ્ટર્સ , આલ્બમ અને સાદા નકશા બનાવે છે. |
| 13. નદીની સફર | EV406 | ખોરાક , પાણી , કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા ( ઉદા. મૂળ સ્રોતથી ઘર સુધી , અનાજનું ખેતરમાંથી બજારમાં અને ત્યાંથી ઘર સુધી પહોંચવું તથા સ્થાનિક જળસ્રોતમાંથી પાણીનું શુદ્ધીકરણ અને વપરાશ માટેની રીતો ) સમજાવે છે. |
| 13. નદીની સફર | EV409 | ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન કરે છે. પ્રમાણિત અને બિન પ્રમાણિત એકમો (જેમકે કિલોગ્રામ, ગજ, પગલાં, ડગલાં, મીટર વગેરે) દ્વારા અવકાશી જથ્થા (અંતર, વજન, સમય)નો અંદાજ કાઢે છે તથા સાદા અને હાથવગા ઉપાય દ્વારા કાર્યકરન સંબંધ ચકાસણી કરે છે. |